ગાંધીનગર સમાચાર

# કાશ્મીરમાં હિંસક દેખાવો : અથડામણમાં એકનું મોત

## સૈયદ અલીશાહ ગિલાની, મિરવાઇઝ સહિત અનેક કટ્ટરપંથી અલગતાવાદી નેતાઓ નજરકેદ હેઠળ : સ્થિતિ વિસ્ફોટક

શ્રીનગર,તા. ૧૮

જમ્મુ-કાશ્મીરમાં હિંસાનો દોર આજે પણ યથાવત રીતે જારી રહ્યો હતો. નવેસરની અથડામણથી સમગ્ર જમ્મુ કાશ્મીર હચમચી ઉઠ્યું છે. જમ્મુ કાશ્મીર પોલીસે જેકેએલએફના ચેરમેન યાસીન મલિકની અટકાયત કરી હતી. આ ઉપરાંત સામાજિક કાર્યકર સ્વામી અગ્નિવેશની પણ અટકાયત કરાઈ હતી. તેઓએ મધ્ય કાશ્મીરના બડગામમાં કુચ કરવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે હિંસા ભડકી ઉઠી હતી. આજે અગાઉ હિંસક વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષાદળો દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં એક યુવાનનું મોત થયું હતું. પોલીસે અટકાયતી કસ્ટડીમાં બન્નેને લઈ લીધા હતા. કારણકે તેઓ નારબાલ તરફ આગેકુચ કરી રહ્યા હતા. જ્યાં સોહેલ અહમદ સોફીનું મોત સુરક્ષાદળોના ગોળીબારમાં થયું હતું, અન્ય બે લોકો પણ ઘાયલ થયા હતા. આ સપ્તાહની શરૂઆતમાં દક્ષિણ કાશ્મીરના ત્રાલમાં આર્મી ઓપરેશનમાં બે યુવાનોના મોત



સામેના વિરોધમાં દેખાવો ચાલી રહ્યા હતા.

ત્યારે સુરક્ષાદળોએ જોરદાર ગોળીબાર કર્યો હતો. જેમાં એકનું મોત થયું હતું જેથી સ્થિતિ વણસી ગઈ હતી. અગ્નિવેશ મલિક સાથે ૩૦ કલાકની ભૂખ હડતાળમાં જોડાયા હતા. કાશ્મીરી પંડિતો માટે અલગ વ્યવસ્થા ઉભી કરવાની દરખાસ્ત સામે હડતાલની હાકલ કરાઈ હતી. શ્રીનગરમાં પોલીસ અને દેખાવકારો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. જમ્મુ-કાશ્મીરા ઉનાળા પાટનગરમાં હિંસા ભડકી ઉઠી હતી. ગઈકાલે પણ મસરતની ધરપકડ બાદ હિંસા ફેલાઈ હતી. શ્રીનગરમાં આજે દેખાવકારોએ જોરદાર પથ્થરમારો કર્યો હતો. સીઆરપીએફના ગોળીબારમાં નરબાલ ખાતે યુવાનના મોત બાદ હિંસક અથડામણની શરૂઆત થઈ હતી. અહેવાલમાં જણાવાયું છે કે પોલીસે સૌથી પહેલાં દેખાવકારોને અલગ કરવા ટીયરગેસના સેલ છોડ્યા હતા પરંતુ સ્થિતિ કાબુમાં ન આવતાં ગોળીબાર કરવાની ફરજ પડી હતી. ત્રણ યુવાનો ગોળીબારમાં ઘાયલ થયા હતા જેમનો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સોહેલ અહમદ નામના યુવકનું મોત થયું હતું. હિંસાગ્રસ્ત વિસ્તારોમાં જુદી-જુદી કલમ દાખલ કરવામાં આવી છે. આરપીસીની જુદી-જુદી કલમો હેઠળ એક કેસ પણ દાખલ કરાયો છે. મીરવાઈઝ ઉમર ફારુકને પણ નજરકેદમાં પકડી લેવામાં આવ્યા છે. અન્ય કટ્ટરપંથીઓને પણ નજરકેદમાં રાખવામાં આવ્યા છે. આજે સતત બીજા દિવસે હુર્રિયત લીડર સૈયદ અલીશાહ ગિલાની અને અન્ય અલગતાવાદી નેતાઓ નજરકેદ હેઠળ રહ્યા હતા. ૪૫ વર્ષીય આલમને શહેરના પરા વિસ્તારમાં શુક્રવારે સવારે પકડી લેવામાં આવ્યો હતો. શુક્રવારે મોડી રાત્રે તેને રિમાન્ડ પર લેવાના આદેશ કરાયા હતા.

## મસરત સાત દિવસના રિમાન્ડ પર

શ્રીનગર,તા. ૧૮

હાલમાં રેલીમાં પાકિસ્તાની ધ્વજ લહેરાવવા અને પાકિસ્તાની તરફી સુત્રોચ્ચાર કરનાર કટ્ટરપંથી લીડર મસરત આલમને સાત દિવસ માટે પોલીસ કસ્ટડીમાં લઈ લેવાનો કોર્ટે આજે આદેશ કર્યો હતો.અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે જ અલગતાવાદી કટ્ટરપંથી નેતા સૈયદ અલી સાહ ગિલાની અને મસરત આલમની ધરપકડ કરીને તેમને નજર કેદમાં પકડી લેવામાં આવ્યા હતા. જો કે, તેમને નજરકેદમાં પકડી લેવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગોમાં હિંસા ભડકી ઉઠી હતી. હિંસક અથડામણમાં પોલીસ જવાન સહિત ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. હાલમાં ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ છે. મસરત અને ગિલાનીને નજરકેદમાં પકડી લેવામાં આવ્યા બાદ મિરવાઈઝ ઉમર ફારુકના નેતૃત્વમાં દેખાવકારોએ ત્રાલ તરફ આગેકૂચ કરી હતી. જેને લઈને પણ હિંસા ભડકી ઉઠી હતી.આર્મી ઓપરેશનમાં યુવાનાના મોત અને પોલીસ પગલાની સામેના વિરોધમાં આ દેખાવો થઈ રહ્યા છે. સ્થાનિક લોકો દલીલ કરી રહ્યા છે કે મૃત્યુ પામેલ વ્યક્તિ આતંકવાદી નહીં બલ્કે નાગરિક હતો.બીજી બાજુ મિરવાઈઝે ત્રાલ એન્કાઉન્ટરમાં તપાસની માંગ કરી છે. સાથે સાથે એએફએસપીએને પરત ખેંચી લેવાની માંગણી કરી છે.ગઈકાલે શુક્રવારે મસરત અને ગિલાનીની ધરપકડના કારણે ફરીએકવાર વિસ્ફોટક સ્થિતી ઉભી થઈ ગઈ હતી. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી ચુક્યા છે. બન્ને નેતાઓ ગુરૂવાર મોડી રાત્રેથી જ નજર કેદમાં રાખવામાં આવ્યા હતા. જો કે શુક્રવારે મોડી રાત્રે મસરતને સાત દિવસ માટે પોલીસ કસ્ટડીમાં રીમાન્ડ પર લેવાનો આદેશ કોર્ટ દ્વારા જારી કરવામાં આવ્યો હતો.શુર્કવારે દક્ષિણ કાશ્મીરમાં ત્રાલ ખાતે રેલીમાં ભાગ લે તે પહેલા બન્ને નેતાઓને નજર કેદમાં લઈ લેવામાં આવ્યા હતા. જેથી તેમના સમર્થકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. બુધવારના દિવસે આલમની રેલીમાં પાકિસ્તાની ધ્વજ લહેરાવવા અને પાકિસ્તાની તરફી નારાબાજી બાદ આ પગલુ લેવામાં આવ્યું હતું. રેલીનો દેશભરમાં વિરોધ થયો હતો. આ મામલે પોલીસે કેસ દાખલ પણ કર્યો હતો.



## નરેન્દ્ર મોદી ત્રણ દેશોના પ્રવાસેથી અંતે પરત ફર્યા

નવી દિલ્હી,તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દેશોની આતિહાસિક યાત્રા પૂર્ણ કરીને આજે વહેલી સવારે સ્વદેશ પરત ફર્યા હતા. દિલ્હી ભાજપના વડા સતીશ ઉપાધ્યાય અને પાર્ટીના અન્ય સભ્યો તેમના સ્વાગત માટે પાલમ વિમાનીમથકે પહોંચ્યા હતા. પક્ષના વરિષ્ઠ નેતાઓ પણ હાજર રહ્યા હતા. વાનકુવરથી નવી દિલ્હી પરત ફરતી વેળા મોદીનુ વિમાન થોડાક સમય માટે ફ્રેન્કફુર્ટમાં રોકાયું હતુ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે ત્રણ દેશોની ઐતિહાસિક યાત્રાને સમેટી લીધી હતી અને સ્વદેશ આવવા માટે રવાના થયા હતા. કેનેડિયન શહેર વાનકુવરથી મોદી સ્વદેશ માટે રવાના થયા હતા. મોદી ત્રણ દેશોની યાત્રા દરમિયાન સૌથી પહેલા ફ્રાંસ ત્યારબાદ જર્મની અને અંતે કેનેડામાં પહોંચ્યા હતા જ્યાં જુદા જુદા કાર્યક્રમોમાં જોડાયા હતા. સર્વોચ્ચસ્તરે વાતચીત કરી હતી. શ્રેણીબદ્ધ સમજૂતિઓ પણ કરી હતી. ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો આ યાત્રાથી વધુ મજબૂત થશે તેમ તેમની યાત્રાને સમેટતા મોદીએ કહ્યું હતું. મોદીએ ૯મી એપ્રિલે ફ્રાંસથી તેમની નવ દિવસની યાત્રા શરૂ કરી હતી. ત્યારબાદ તેઓ જર્મની ગયા હતા ત્યાંથી તેઓ કેનેડા ગયા હતા. તેઓ કેનેડામાં ઓટ્ટાવા, ટોરેન્ટો અને વાનકુવરમાં ગયા હતા. ૩૬ રાફેલ તૈયાર વિમાનોની ખરીદીની જાહેરાત કરવામાં આવી છે. ફ્રાંસ પાસેથી આ વિમાનો ખરીદાશે. કેનેડા પાસેથી પાંચ વર્ષ માટે યુરેનિયમનો પુરવઠો મળશે. મોદી વિવિધ દેશોની હાલમાં યાત્રા કરીને આવ્યા છે. તેમની વિશ્વમાં પ્રશંસા થઈ રહી છે.

## રાહુલ ગાંધીનું આજે વિશાળ કિસાન રેલીને સંબોધન

નવી દિલ્હી,તા. ૧૮

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં કોંગ્રેસની વિશાળ કિસાન રેલીના એક દિવસ પહેલાં બે મહિનાની લાંબી રજા બાદ હાલમાં જ પરત ફરેલા કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધી આજે પ્રથમ વખત જાહેરમાં દેખાઈ દઈને ખેડુતો સાથે વાતચીત કરી હતી. રાહુલે ખેડુતોના પ્રતિનિધીઓ સાથે વ્યાપક ચર્ચા કરી હતી. તેમની રજૂઆત ગંભીરતાપૂર્વક સાંભળી હતી. રાહુલ ગાંધીની સાથે રાજસ્થાન પીસીસીના વડા સચિન પાયલટ પણ હતા. ઉત્તરપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, પંજાબ, મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાંથી આવેલા ખેડૂતોના પ્રતિનિધિમંડળ સાથે તેઓએ વાતચીત કરી હતી. તેમના નિવાસ સ્થાન પર ખેડૂતોના પ્રતિનિધિઓ સાથે આ વાતચીત થઈ હતી. પ્રતિનિધિ મંડળમાં ભટ્ટાપરસોલ ગામમાંથી ખેડૂતો પણ હતા. જ્યાં રાહુલ ગાંધીએ ૨૦૧૧માં પદયાત્રા યોજી હતી. ખેડૂતોની જમીન બળજબરીપૂર્વક પડાઈ લેવાનો મુદ્દો આમાં ચમકયો હતો. હવે આવતીકાલે કિસાન રેલીને ઐતિહાસિક બનાવવાના પ્રયાસ કરવામાં આવી શકે છે. દેશભરમાંથી લાખો ખેડૂતો દિલ્હી પહોંચે તેવી વકી છે. હાલમાં જે રીતે કમોસમી વરસાદ બાદ પેકેજ જાહેર કરવામાં અને ખેડૂતોને રાહત આપવામાં વિલંબ થઈ રહ્યો છે તેને જોતાં આવતીકાલની રેલી ઐતિહાસિક બની શકે છે. ભાજપ તમામ નાના ખેડૂતો પાસેથી જમીન લઈ લેવાના મૂડમાં દેખાઈ રહી છે. મોદી સરકારની ખેડૂત વિરોધી અને ગરીબ વિરોધી નીતિ સામે દેખાવના ભાગરૂપે કિસાન



રેલીનું આયોજન કરાયું છે. રાહુલ મેચ્યૌર લીડર હોવાની સચિન પાયલટે વાત કરી હતી. સોમવારથી બજેટ સત્રના બીજા તબક્કાની શરૂઆત થઈ રહી છે ત્યારે કિસાન રેલી મહત્વપૂર્ણ રહી શકે છે. રાહુલ ગાંધી લાંબા સમય સુધી રાજનિતીથી દુર રહ્યા બાદ હાલમાં પરત ફર્યા છે. આજે સવારથી મોટી સંખ્યામાં ખેડુતો તેમના આવાસ પર પહોંચ્યા હતા. દેશના જુદા જુદા ભાગોમાંથી ખેડુતો પહોંચ્યા હતા. હાલમાં દેશના મોટા ભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદ અને કરા પડવાના કારણે ખેડુતોને વ્યાપક નુકસાન પાકમાં થયું છે. આ ઉપરાંત જમીન બિલને લઈને પણ ખેડુતો નાખુશ દેખાઈ રહ્યા છે. આવનાર દિવસોમાં કોંગ્રેસ ખેડુતોના મુદ્દાને ચગાવવાની યોજના ધરાવે છે. કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી હાલમાં રાહુલની ગેરહાજરીમાં કમોસમી વરસાદ થયા બાદ દેશના જુદા જુદા રાજ્યોમાં જઈને ખેડુતોની સ્થિતીને જાણવાના પ્રયાસો કરતા નજરે પડ્યા હતા. જો કે હવે રાહુલને મુખ્ય જવાબદારી સોંપવામાં આવે તેવી શકયતા છે.કોંગ્રેસના નેતાઓ રાહુલને કિસાન રેલી મારફતે જોરદારરીતે પ્રોજેક્ટ કરવામાં આવે તે જરૂરી છે. કોંગ્રેસના યુવરાજ રાહુલ છેલ્લા બે મહિનાથી કામથી દુર રહ્યા હતા. ૨૩મી ફેબ્રુઆરીના દિવસે સંસદનુ બજેટ સત્ર શરૂ થયુ ત્યારે તેમની રજાની જાહેરાત કરવામાં આવી હતી. કોંગ્રેસના ટોપના નેતાઓ પણ રાહુલની વાપસીને લઈને દુવિધાની સ્થિતીમાં હતા. તેમની ગેરહાજરીના કારણે કોંગ્રેસના સભ્યોને અપમાનની સ્થિતીનો સામનો કરવો પડી રહ્યો હતો. ભાજપ સહિતના રાજકીય પક્ષો તેમના પર પ્રહાર કરીરહ્યા હતા. હવે કોંગ્રેસની ભાવિ યોજના શુ રહે છે. તે બાબત પર તમામની નજર રહેશે. ૪૪ વર્ષીય રાહુલ ગાંધી સંસદના બજેટ સત્ર બાદથી ગેરહાજર હતા.

## પાકિસ્તાની સેનાને સહાયતા કરવાની હાફિઝની કબુલાત

ઈસ્લામાબાદ,તા. ૧૮

પ્રતિબંધિત જમાત ઉલ દાવાના લીડર હાફિઝ સઈદે આજે કબુલાત કરી હતી કે, તેમના સંગઠને જમ્મુ-કાશ્મીરમાં જેહાદ છેડવામાં પાકિસ્તાની સેનાની પૂરતી મદદ કરી છે. એક ટીવી ઈન્ટરવ્યુ દરમિયાન હાફિઝ સઈદે કહ્યું છે કે, અમે પાકિસ્તાની સરકાર અને પાકિસ્તાની સેનાને કાશ્મીરના લોકોની



મદદ કરવામાં તેમના પ્રયાસોમાં મદદરૂપ થઈ રહ્યા છીએ. અમે આને જેહાદ તરીકે ગણી રહ્યા છીએ. જમ્મુ-કાશ્મીર સરકાર દ્વારા કટ્ટરપંથી લીડર મસરત આલમની ધરપકડના મુદ્દે વાત કરતાં આ મુજબની વાત કરી હતી. શુક્રવારના દિવસે અલગતાવાદી લીડર મસરત આલમની ધરપકડ કરાઈ હતી. શહેરના હબ્બાકાદલ વિસ્તારમાં પોતાના આવાસથી દેશદ્રોહના આરોપસર મસરતની ધરપકડ કરાઈ હતી. દરમિયાન કાશ્મીરમાં હિંસક વિરોધ પ્રદર્શનનો દોર આજે પણ યથાવત રીતે જારી રહ્યો હતો. જમાત ઉલ દાવાના લીડર હાફિઝ સઈદે એમપણ કહ્યું હતું કે, કાશ્મીરના લોકોની સ્વતંત્રતા માટે પ્રયાસ કરાઈ રહ્યા છે. સઈદે એમપણ કહ્યું છે કે, પાકિસ્તાન અને તેની સરકાર હંમેશા કહેતી આવી છે કે કાશ્મીરના લોકોને તેમના અધિકારો મળવા જોઈએ. પાકિસ્તાન સરકારને કોઈપણ સફળતા હાથ લાગી રહી નથી. મસરત આલમની ધરપકડને પણ રોકી શકી નથી. હાફીઝ સઈદ કટ્ટરપંથી લીડર પૈકીના એક તરીકે છે. ભારત સરકાર કાશ્મીરી લોકોને દહેશતમાં મુકવાના પ્રયાસ કરી રહી છે. પાકિસ્તાની ચેનલ-૨૪ સાથેની વાતચીતમાં સઈદે કહ્યું હતું કે, કાશ્મીરમાં લાખો લોકો સ્વતંત્રતાની માંગ કરી રહ્યા છે. જો ભારત સરકાર ગોળીબાર કરશે તો અમે આવી જ રીતે જવાબ આપીશું.

## સોનાની આયાતમાં આશરે ૯૪ ટકાનો વધારો નોંધાયો

નવી દિલ્હી,તા. ૧૮

સોનાની આયામાં ૯૩.૮૬ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. વાર્ષિક આધાર પર આ વધારો નોંધાયો છે. સોનાની આયાતમાં વધારો થવા માટેના કેટલાક કારણો જવાબદાર છે. જે પૈકી સોનાની કિંમતમાં ઘટાડો અને આરબીઆઈ દ્વારા મુકવામાં આવેલા નિયંત્રણો સામેલ છે. વર્ષ ૨૦૧૪માં આ જ મહિનામાં સોનાની આયાત ૨.૫૭ અબજ ડોલર રહી હતી. ફેબ્રુઆરી મહિનામાં આયાતનો આંકડો ૪૮.૭૮ ટકા વધ્યો હતો અને આંકડો ૧.૯૮ અબજ ડોલર રહ્યો હતો. સોનાની આયાતમાં વધારો થયા બાદ સ્થિતી બદલાય તેવી શક્યતા છે. વર્તમાન ખાતાકીય ખાદ્ય પર તેની માઠી અસર થઈ શકે છે. રીઝર્વ બેંક અને સરકારે ભારપૂર્વક કહ્યું છે કે સીએડી સપાટી સાનુકુળ છે. પરંતુ સોનાની આયાતમાં વધારો નવેસરની ચિંતા ઉપજાવે છે. સોનાની આયાતમાં વધારો થતા માર્ચ મહિનામાં વેપાર ખાદ્ય સતત વધી ગઈ છે. જે ૧૧.૭૯ અબજ ડોલર રહી છે. જે ચાર વર્ષની ઉંચી સપાટી છે.

## બિહાર ચૂંટણી પહેલા અપર કાસ્ટને ખુશ કરવાના પ્રયાસ

પટણા,તા. ૧૮

બિહારમાં વિધાનસભાની ચૂંટણી પહેલા અપર કાસ્ટને ખુશ કરવાના તમામ પ્રયાસ બિહારના મુખ્યપ્રધાન નિતીશ કુમાર કરવા ઈચ્છુક છે. નિતીશ કુમાર ચૂંટણી પહેલા રાહત જાહેર કરવા માંગે છે. વિધાનસભાની ચૂંટણી પહેલા જ બિહારમાં અપર કાસ્ટ સમુદાયના નબળા વર્ગને સ્કોલરશીપ અને અન્ય નાણાંકીય રાહતો જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. અપર કાસ્ટની આર્થિક અને શૈક્ષણિક સ્થિતીમાં અભ્યાસ કરવા માટે રચવામાં આવેલા અપર કાસ્ટ કમીશન હવે ટુંક સમયમાં તેના અહેવાલને સોંપે તેવી શક્યતા છે. મુખ્ય પ્રધાન નિતીશ કુમારે કહ્યું છે કે જ્યા સુધી રાજ્ય સરકારને અહેવાલ સુપ્રત કરવામાં આવશે નહી ત્યાં સુધી કોઈ પણ વાત કરવી મુશ્કેલ રહેશે. જો કે સ્કોલરશીપ સુવિધા આપવાનો સંકેત નિતીશ કુમારે આપ્યો છે. કુમારે કહ્યું હતું કે ટુંક સમયમાં આ સંબંધમાં નિર્ણય કરવામાં આવનાર છે. અપર કાસ્ટની અંદર આર્થિકરીતે નબળા વર્ગના લોકોને ઓળખી કાઢવા માટે કમીશને એશિયન ડેવલપમેન્ટ રીસર્ચ સંસ્થાની મદદ લીધી છે. બિહારમાં કુલ મતદારો પૈકી ૨૧ ટકા મતદારો હિન્દુ અને મુસ્લિમ સમુદાયમાં અપર કાસ્ટની છે. તે જોતા ચૂંટણીમાં તેમની ચાવીરૂપ ભૂમિકા રહી શકે છે. મુસ્લિમ સમુદાયના લોકો પણ અપર કાસ્ટમાં રહેલા છે. બિહારમાં નવા રાજકીય સમીકરણ રચાવવાના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે જનતા પરિવારમાં મર્જર થઈ જતા હાલમાં ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. બિહારમાં ભાજપ સામે ટક્કર લેવા માટે આ છ પક્ષો મર્જ થયા છે. ચૂંટણી તૈયારી હાથ ધરવામાં આવી ચુકી છે. અપરકાસ્ટ હિન્દુ લોકો આશરે ૧૫ ટકા મતદારો છે. જેમાં રાજપુત, બ્રાહ્મણ, ભૂમિયારનો સમાવેશ થાય છે. હિન્દુ અને મુસ્લિમ બન્નેમાં બિહારમાં અપરકાસ્ટના મતદારોની ટકાવારી ૨૧ ટકા જેટલી છે. સ્કોલરશીપનો મુદ્દો જટીલ બને તેવી શક્યતા દેખાઈ રહી છે.

## સલમાન સામે કેસ ઉપર ૨૦મીએ ચુકાદો જાહેર

નવી દિલ્હી,તા. ૧૮

વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસના મામલામાંઆક્ષેપોનોસામનો કરી રહેલા સલમાન ખાન માટે કાયદાકીય ગુંચનો દોર અકબંધ રહ્યો છે. ૧૩ વર્ષ જુના હિટ એન્ડ રન કેસના મામલામાં હવે ચુકાદાનો સમય નજીક આવી ગયો છે. ૨૦મી એપ્રિલના દિવસે ચુકાદો જાહેર કરાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સેશન કોર્ટમાં નવેસરથી ટ્રાયલ ચાલી રહી છે. અગાઉ મેજીસ્ટ્રેટની કોર્ટેચાર્જને અપગ્રેડ કર્યા હતા. ઘણીબધી અરજીઓ કોર્ટ સમક્ષ રહેલી છે. જેમાં એમપણ જણાવાયું છે કે, અભિનેતાની બેદરકારીના કારણે એક વ્યક્તિનું મોત થયું નહતું બલ્કે બનાવ બાદ કાર નીચે કચડાઈ જવાથી મોત થયું હતું. ડિફેન્સ વકિલે એમપણ કહ્યું હતુંકે અભિનેતાની સ્થિતિ પણ બનાવના દિવસે સારી નહતી. સલમાનના ડ્રાઈવર દ્વારા આ ગાડી ચલાવવામાં આવી રહી હતી. બીજીબાજુ પ્રોસીક્યુસનની દલીલ છે કે આ કેસમાં પુરાવાને ખોટી રીતે રજુ કરાઈ રહ્યા છે. સલમાન ખાન સામે આ મામલો ખૂબ જ ગંભીર છે.

## કોર્પોરેટ જાસુસી કેસ : ૧૩ સામે અંતે ચાર્જશીટ દાખલ

નવી દિલ્હી,તા. ૧૮

દિલ્હી પોલીસે પેટ્રોલિયમ મંત્રાલયના દસ્તાવેજો લીક થવા સાથે સંબંધિત કેસમાં ૧૩ લોકો સામે ચાર્જશીટ દાખલ કરી દીધી છે. દિલ્હી પોલીસની ક્રાઈમબ્રાંચની ટીમે મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ આકાશ જૈન સમક્ષ આ ચાર્જશીટ દાખલ કરાઈ હતી. હવે વધુ વિચારણા માટે ૨૦મી એપ્રિલના દિવસે અરજી પર સુનાવણી હાથ ધરાશે. આઈપીસીની જુદી-જુદી કલમો હેઠળ ચાર્જશીટ દાખલ કરાઈ છે. આરોપીઓ સામે કલમ ૪૫૭, ૩૮૦,૪૨૦,૪૬૮, ૪૭૧, ૧૨૦-બી, ૩૪નો સમાવેશ થાય છે. કોર્ટે ૪૪ પાનાની ચાર્જશીટ ઉપર વિચારણા માટે ૨૦મી તારીખ નક્કી કરી છે. હાલમાં ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ રજા પર છે. પોલીસે આ કેસમાં ૪૨ પ્રોસીક્યુસન સાક્ષીઓની ચકાસણી કરી હતી. પોલીસ સુત્રોનું કહેવું છે કે, કઠોર ઓફિસીયલ સિક્રેટ એક્ટ ઓએસએની જોગવાઈ આરોપીઓ સામે હજુ સુધી લાગુ કરાઈ નથી. વધુ તપાસ ચાલી રહી છે. ૧૫મી એપ્રિલના દિવસે તેના અહેવાલમાં પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે કોર્ટમાં કહ્યું હતુંકે, અતિમહત્વપૂર્ણ દસ્તાવેજો આ કેસમાં આરોપીઓ પાસેથી મળી આવ્યા છે. આ દસ્તાવેજો સ્વરૂપમાં ક્લાસીફાઈડ છે. ૧૩ આરોપીઓની અંદર ૫ કોર્પોરેટ કારોબારીઓ છે. જેમાં શૈલેષ સકસેના, વિનયકુમાર, કેકે નાયર, સુભાષચંદ્ર અને ઋષિ આનંદનો સમાવેશ થાય છે. અન્ય આઠમાં ઈશ્વરસિંહ, આસારામ, રાજકુમાર, લાલતા પ્રસાદ, રાકેશકુમાર, વિરેન્દ્રકુમાર, પ્રયાસ જૈન અને શાંતનુ સૈકીયાનો સમાવેશ થાય છે. તમામ આરોપીઓ હાલ જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. ૧૦મી એપ્રિલના દિવસે કોર્ટે તેમની તપાસ દરમિયાન તપાસકારો દ્વારા મેળવવામાં આવેલા દસ્તાવેજોના સ્વરૂપ અંગે ગૃહ અને પેટ્રોલિયમ મંત્રાલય પાસેથી અહેવાલની માંગ કરી હતી. ૨૦મી ફેબ્રુઆરીના દિવસે પોલીસે ૫ કોર્પોરેટ કારોબારીઓની ધરપકડ કરી હતી અને આક્ષેપ કર્યોહતો કે, તેઓ અન્ય આરોપી પાસેથી ક્લાસીફાઈડ દસ્તાવેજો મેળવી રહ્યા હતા. દસ્તાવેજો આ અધિકારીઓ દ્વારા લાભ મેળવવા માટે કંપનીઓને મોકલવામાં આવી રહ્યા હતા.

## દલિત સાહિત્ય વિમર્શ (પાના નં. ૪ નું ચાલુ)

● ડૉ. નીરવ પટેલ : ડૉ. બાબાસાહેબના મહત્વપૂર્ણ ગ્રંથ 'હિન્દુ ધર્મનું તત્વ ચિંતન' પર અનોખી શૈલીમાં વકતવ્ય આપતા ગુજરાત દલિત પ્રતિષ્ઠાનના અધ્યક્ષ અને જાણીતા દલિત કવિ શ્રી નીરવ પટેલે 'હિન્દુ ધર્મનું તત્વજ્ઞાન ખરેખર છે શું ?' એ પર પ્રકાશ પાથરતા પ્રારંભે જ્યારે આદિમ જીવન જીવતા - ગૂફામાં રહેલા આદિમાનવને વરસાદ - વીજળી - ધરતીકંપ કે અન્ય કુદરતી આપત્તિઓ વિચલિત અને અચંબિત કરી દેતી હતી ત્યારે પોતાના યથાસ્થળ, યથાસંજોગ માનવીએ કલ્પનાઓ કરી, અટકળો કરી, ધારણાઓ બાંધી પોતાને અનુકુળ એવું તત્વજ્ઞાન વિકસાવ્યું હતું. જીવન ટકાવી રાખવા અને જીવનને ઉન્નત્ત-ઉદ્દાત્ત બનાવવા માટે એને એનું 'તત્વજ્ઞાન' જરૂરી પણ હતું. કિન્તુ માણસની મૂળભૂત જરૂરિયાતમાંથી જન્મેલા આ અતિ ઉપયોગી 'તત્વજ્ઞાન'ને કેટલાક ધૂર્ત માનવીઓએ એને પાછળથી 'ભગવાન' રૂપે સ્થાપિત કરીને સીમિત કરી દીધું અને પોતાને એ ધર્મના એજન્ટ રૂપે સ્થાપીને, પોતાની જ સત્તા - મહત્તા સ્થાપિત કરી દીધી. આ સ્થાપનાનો હેતુ કેવળ આમ માનવીના શોષણ થકી પોતાને માટે સુખસમૃદ્ધિ - ભોગ વિલાસ - એશ આરામભરી સ્થિતિ પ્રાપ્ત કરવાનો રહ્યો છે. આ સ્થિતિમાં માનવકલ્યાણ અને અને માનવપ્રગતિ માટે સદાકાળ જરૂરી એવું 'તત્વજ્ઞાન' શું સાચું 'તત્વજ્ઞાન' પુરું પાડે છે ખરું ? વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિપ્રથા અને કરોડો દેવ-દેવીઓ વિરોધી એવા ભિન્ન આચાર-વિચારોમાં માનતાં, અસંખ્ય સંપ્રદાયોવાળો ધર્મ શું આ કરી શકે તેમ છે ? એવા આ ગ્રંથમાં ડૉ. બાબાસાહેબે ઉઠાવેલા સવાલો અને આપેલા પ્રત્યુત્તરો ડૉ. નીરવ પટેલે તેમના વકતવ્યમાં વણી લીધા હતા. ડૉ. નીરવ પટેલે, એ તત્વો જે માણસને રંજાડે છે અને જેનાથી માનવીનું કલ્યાણ ખોટકાયું છે, તે શોધી કાઢે તે જ સાચું તત્વજ્ઞાન એમ જણાવી, ઉમેર્યું હતું કે માનવ કલ્યાણ માટે ધર્મ એટલો કારગત નથી નીવડતો, ધર્મ ઉપરાંત વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્રના નીત નવા આવિષ્કારો જ એનું જીવન વધુ કલ્યાણકારી અને બહેતર બનાવે છે.

શ્રી હરીશ મંગલમ્ : ગુજરાત દલિત સાહિત્ય અકાદમીના મહામંત્રી અને જાણીતા દલિત સર્જક શ્રી હરીશ મંગલમે, ડૉ. બાબાસાહેબના અત્યંત ચર્ચાસ્પદ અને વિધ્વાનોમાં હૉટ ફેવરિટ ગ્રંથ 'હિન્દુ ધર્મના કોયડાઓ' પર મનનીય વકતવ્ય આપતાં પોતાની સત્તા - શ્રેષ્ઠતા સ્થાપિત કરવા એક વર્ગે અવૈજ્ઞાનિક અને અંધશ્રદ્ધાપૂર્ણ મંત્ર-તંત્ર-વાર્તાઓના સાહિત્ય દ્વારા ખરેખર તો આખા સમાજને ઉંડા કળણમાં ફસાવ્યો છે. પરિણામે ધર્મ પણ જાણે ધંધો બની ગયો છે. ડૉ. બાબાસાહેબે ઘણા બધા જોખમો વહોરીને ઠોસબંધ વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને પ્રાચીન ગ્રંથોના સાહિત્યની સચ્ચાઈ અને અધિકૃતતા સામે બહુ મોટો પડકાર ફેંક્યો છે. જેને અંધકારનો અહેસાસ ન થાય એ પ્રકાશની શોધ કેવી રીતે કરી શકે ? એવા ડૉ. બાબાસાહેબના વિધાનને ટાંકીને, જિજ્ઞાસા અને સંશય જ પ્રગતિના સૂત્રધાર છે એટલે વેદો અને ધર્મગ્રંથોને પણ શંકાથી પર માનવાની જરૂર નથી. શત્રુનો નાશ કરી તેની સંપતિ લૂંટી લઈ, અનુયાયીઓને વહેંચી દેવાની વાત કરતા કોઈ ગ્રંથને શા માટે શંકાથી પર માનવા જોઈએ ? 'મનુસ્મૃતિ'એ વર્ણાશ્રમના વાડાઓ ઉભા કરી ભારતીય સમાજવ્યવસ્થાના પાયા ઢીલા કરી નાંખ્યા છે. ડૉ. બાબાસાહેબે ચેતવણીના સૂરમાં પડકાર ફેંક્યો હતો કે ધાર્મિકતાના અંચળા હેઠળના મૂર્ખતાભર્યા વિચારોને ફેંકી દેવામાં આવે. શ્રી મંગલમે રામ, કૃષ્ણ, ઈન્દ્ર, વરુણ, બ્રહ્મા જેવા દેવો અને વેદો ઉપરાંત પ્રાચીન ગ્રંથોને લગતાં અઢળક સાહિત્યના તમામ થોથાં ઉથલાવીને 'હિન્દુ ધર્મના કોયડા'માં જે સવાલો વર્ણવ્યા છે તેનો આજે પણ કોઈ જવાબ ક્યાંયથી મળતો નથી. ડૉ. બાબાસાહેબે 'હિન્દુ ધર્મના કોયડાઓ' હેઠળ જે અગણિત સવાલો એમની તર્કપૂર્ણ વિધ્વતાથી ઉઠાવ્યા છે, તેની તંતોતંત ચર્ચા શ્રી મંગલમે એમના વક્તવ્યમાં આવરી લીધી હતી.

● ચંદુ મહેરિયા : જાણીતા દલિત સર્જક અને સામયિક 'દલિત અધિકાર'ના પ્રણેતા ચંદુ મહેરિયાએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના અત્યંત મહત્વપૂર્ણ એવા ગ્રંથ 'જાતિ નિર્મૂલન' પર વેધક પ્રકાશ પાથરતા ડૉ. બાબાસાહેબે આ ગ્રંથોમાં તપસીલ કરેલા સત્યોને, આજના સંદર્ભે પણ ખૂબ માર્મિક રીતે મૂકી આપી ખૂબ જ અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. 'જાતિ નિર્મૂલન' ગ્રંથ એ જાતપાત તોડક મંડળ દ્વારા આમંત્રિત થઈને લાહોરમાં પ્રવચન આપવા જનાર ડૉ. બાબાસાહેબે જે પ્રવચન તૈયાર કર્યું હતું, અને જેની નકલ અગાઉથી આયોજકોને મોકલતાં તેમાંના જલદ વિચારોથી તેમાં સુધારો કરવા આયોજકોએ ડૉ. બાબાસાહેબને વિનંતી કરતાં, 'એક અલ્પવિરામ પણ નહિ સુધરે' એમ જણાવીને પ્રવચન આપવાનું જ માંડી વાળતા ડૉ. બાબાસાહેબનું આ પ્રવચન જે પાછળથી 'જાતિ નિર્મૂલન' હેઠળ ગ્રંથાકાર પામ્યું, તેની વિગતે વાત શ્રી ચંદુભાઈએ કરી હતી. એમના જીવનકાળ દરમિયાન પ્રથમવાર કોઈ હિન્દુ સંગઠન દ્વારા આ પ્રકારના પ્રવચન માટે નિમંત્રણ મળ્યું તો ખરું પણ આખું પ્રવચન જ રદ થયું ને તે એક કરુણાંતિકામાં પરિણમ્યું તેની મર્મભેદી ચર્ચા હાથ ધરતાં શ્રી ચંદુભાઈએ ડૉ. બાબાસાહેબ સામાજીક સુધારાને રાજકીય સુધારાઓ કરતાં પણ મહત્વના ગણતા, અને તે માટે તેમણે રજૂ કરેલ દલીલો - આધારો - પુરાવાઓની વિશદ છણાવટ કરી હતી. સામાજીક સુધારાઓ વિના રાજકીય ક્રાંતિ શક્ય જ નથી, તેવું માનતા ડૉ. બાબાસાહેબના દર્શનને શ્રી ચંદુભાઈએ ભલીપેરે એમના વક્તવ્યમાં વણી લીધું હતું. જાતિ કે જ્ઞાતિ પ્રથા ખરેખર શ્રમનું નહિ પણ શ્રમિકોનું જ વિભાજન કરે છે, એ પસંદગી આધારિત શ્રમવિભાજન હરગીજ નથી, એ તો થોપેલું છે. આ પ્રથા જ ખરેખર તો હિન્દુ સમાજને નબળો બનાવે છે, હિન્દુ-મુસ્લિમ તોફાનો સિવાય હિન્દુઓની વિવિધ જાતિઓ ક્યારેય એક બીજા સાથે સંલગ્ન થતી નથી, એવા ડૉ. બાબાસાહેબના બેબાક મતનો ઉલ્લેખ કરી સમાજવિરોધી ભાવના જાતિપ્રથાનું એક કનિષ્ઠ લક્ષણ છે. આ દેશમાં જ્યાં સુધી જાતિવાદ અસ્તિત્વમાં રહેશે ત્યાં સુધી હિન્દુ ધર્મ મિશનરી ધર્મ નહીં બની શકે તથા આજે જે ૪૦૦૦ થી વધુ જાતિઓ અસ્તિત્વમાં છે, એ બતાવે છે કે ચાતુર્વર્ણનો અમલ હવે સંભવ નથી. હકીકતમાં તો તટસ્થતાનો ડોળ કર્યા વિના સમાજ વ્યવસ્થામાં પરિવર્તન લાવવો એ જ આજના સમયનો પોકાર છે.